ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરના મંદિરોમાં ભાવિકોની હજુ 'ઓટ'

ગાંધીનગર, તા.૨૬

નગરમાં અનલોક-૧ બાદ સરકાર દ્વારા અનેક છૂટછાટ આપવામાં આવી છે ત્યારે લગભગ વીસેક દિવસથી નગરના તમામ મંદિરો પણ દર્શનાર્થીઓ માટે ખુલ્લા મુકાયા છે. દરેક મંદિરના પ્રાંગણથી જ સેનિટાઈઝરનો ઉપયોગ, અમુક મંદિરોમાં ટેમ્પરેચર માપન સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવામાં આવી રહ્યું છે ત્યારે ભકતો પણ હવે ભગવાનને મળવા જતા કોરોનાથી ડરી રહ્યા છે તેમ લાગી રહ્યું છે. મંદિરના વ્યવસ્થાપકોના જણાવ્યા અનુસાર વર્ષોથી નિયમિત આવવાવાળા દર્શન અર્થે આવે છે બાકી પહેલાની જેમ ભકતો દોડીને મંદિર આવી નથી જતા.



નગરના મંદિરો સે-૨૨ સ્થિત પંચેદવ મંદિર, વૈજનાથ મંદિર સે-૨૧, સંતોષીમા મંદિર, રાજરાજેશ્વર મંદિર, સોમનાથ મંદિર સે-૧૬ આ તમામ મંદિરોમાં પોતાના દેવી દેવતામાં માનનાર ભકતો તેમના વાર મુજબ દર્શન અર્થે આવે છે અને બાકીના દિવસોમાં સામાન્ય રીતે વર્ષોથી નિયમિત આવનારા ભકતો મંદિરે આવે છે અને ઘણા તો મંદિરની બહારથી જ દર્શન કરીને જતા રહે છે.

જલારામ મંદિર સે-૨૯ ખાતે દરરોજ સોથી-દોઢસો દર્શનાર્થીઓ આવતા અને હવે ચાલીસ જેટલા જ આવે છે. દર ગુરુવારે એક હજાર જેટલા ભકતો મંદિરે જલારામબાપાના દર્શનનો લાભ લેતા અને હાલ દોઢસોથી બસ્સો જ ભકતો મંદિરમાં દર્શન અર્થે આવે છે. મંદિરમાં સરકારે જાહેર કરાયેલ નિયમ મુજબ જ કાર્ય થાય છે. મંદિરના વ્યવસ્થાપકોના જણાવ્યા અનુસાર ભકતો હવે મંદિર

**અક્ષરધામ મંદિર હાલ કોરોનાને કારણે બંધ રાખવામાં આવ્યું છે. મંદિરના દ્વાર ભકતો માટે કયારે ખુલ્લા મુકાશે તે બાબતનો બીએપીએસ સંસ્થા દ્વારા ખુલાસો કરવામાં આવ્યો નથી.**

આવતા જાતે જ સોશિયલ ડિસ્ટન્સ જાળવી રહ્યા છે.

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે દર્શનાર્થીઓ માટે દર્શનની છૂટ આપવામાં આવી નથી ફકત શનિવારે જ સવારે ૭ થી ૧૧ અને ૪ થી ૭ દરમિયાન દર્શન કરવાની છૂટ આપવામાં આવે છે. સાથે તમામ ભકતોને ઓનલાઈન





આરતીનો લાભ મળે છે.

ધોળાકુવા સ્થિત ધોળેશ્વર મહાદેવ મંદિરના રામ સ્વરૂપજી સ્વામિના જણાવ્યા અનુસાર મંદિરમાં સવારે ૬ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ દરમિયાન ભકતો માટે દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા છે ત્યારે હાલ ૮૦ ટકા જેટલા ભકતો છુટાછવાયા દર્શન અર્થે મંદિરમાં આવે છે. દરરોજ સાંજે ૭ વાગ્યે થતી આરતીમાં નીચેના મંદિરમાં ગોળ કુંડાળામાં દસેક જેટલા ભકતો ઉભા રહી શકે છે તથા ઉપરના મંદિરમાં પણ દસેક જણા સોશિયલ ડીસ્ટન્સ જાળવી આરતી કરી શકે છે તે મંદિરનો નિયમ છે પરંતુ આનાથી વધુ ભકતોને અમે એક સાથે એન્ટ્રી કરવા દેતા નથી સાથે મંદિરમાં સરકારના નિયમાનુસાર દરેક નિયમ પાળવામાં આવે છે.

આમ, કોરોનાના ભયથી ભકતો એ મંદિર જવાનું પણ ઓછું કરી દીધું છે. હવે આવનાર શ્રાવણ મહિનામાં ભાવિકો ભગવાનના દર્શનાર્થે મંદિર જશે કે કેમ તે જોવું રહ્યું.





લોકડાઉનના સમયગાળામાં અટકી ગયેલા વિકાસના કામો હવે ધમધોકાર ચાલવા માંડયા છે. સ્થાનિક મજૂરો ઉપલબ્ધ થતાં વિકાસના કામો તેજ ગતિથી ચાલી રહ્યા છે. ઘ-૫ થી ચ-૫ના માર્ગના નવીનીકરણનું કામ ઝડપી થઈ રહ્યું છે. આ ઉપરાંત શહેરના આંતરિક માર્ગો પણ નવીનીકરણ પામી રહ્યાં છે.

## આજે રાત્રે શિવરંજનીનો ફિલ્મી ગીતોનો ઓનલાઈન કાર્યક્રમ 'ગોલ્ડન મેલોડીઝ' યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ગુજરાતનું પાટનગર હોવા સાથે આ શહેરમાં કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વ્યાપ ખૂબ મોટા પ્રમાણમાં પ્રસરેલો જોવા મળે છે. શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા નિરંતર કલા અને સંગીતના કાર્યક્રમોના આયોજનો થતાં રહ્યા છે પરંતુ કોવિડ-૧૯ના કારણે બદલાયેલી પરિસ્થિતિમાં આ પ્રવૃત્તિઓ પર મોટી અસર પડી છે. જો કે હજુ પણ કેટલીક સંસ્થાઓ નમતું જોખવા તૈયાર નથી જેમાંની એક સંસ્થા શિવરંજની છે. શિવરંજની સંસ્થા દ્વારા વધુ એકવાર કોવિડ-૧૯ની સ્થિતિમાં 'ઓનલાઈન' ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવરંજની દ્વારા તા. ૨૬મી જુન શનિવારે રાત્રે ૮ થી ૯.૩૦ દરમિયાન હિન્દી-ગુજરાતી સૂરીલા સદાબહાર ફિલ્મી ગીતોના કાર્યક્રમ 'ગોલ્ડન મેલોડીઝ'નું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નીરજ પાઠક અને પ્રણતિ શાહનું લાઈવ પરફોર્મન્સ યોજાશે જે શિવરંજનીના ફેસબુક પેજ પરથી લાઈવ માણી શકાશે.

## શહેરમાં માસ્ક ન પહેરનાર ૪૧૭ નાગરીકો દંડાયા પોલીસે ૧૦ દિવસમાં ૧.૨૦ લાખ દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં કોરોના કોહરામ મચાવી રહ્યો છે. કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૬૦૦ થી વધુ છે. કોરોનાના કેસનો આંકડો રોજ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. અનલોકમાં તંત્ર દ્વારા છુટછાટ આપવામાં આવતા નાગરીકો કોરોનાને હળવાશથી લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. કેટલાક નાગરીકો મોં પર માસ્ક પહેરતા જ નથી. જેને પગલે સેકટર-૨૧ પોલીસે પોતાના વિસ્તારમાંથી છેલ્લા દશ દિવસમાં માસ્ક વિના ફરતા ૪૧૭ નગરજનો સામે દંડનીય કાર્યવાહી કરી છે. પોલીસે માત્ર ૧૦ દિવસમાં રૂ ૧.૨૦ લાખનો દંડ વસુલ્યો છે. પોલીસની કાર્યવાહીથી મોં પર માસ્ક ન પહેરતા નાગરીકો પણ હવે માસ્ક પહેરી રાખે છે. કોરોનાને પગલે દુકાનો તેમજ લારીઓ પર સેનેટાઈઝર વેપારીઓ દ્વારા રાખવામાં આવે છે. વેપારીઓ દ્વારા સોશ્યિલ ડીસ્ટન્સ જળવાઈ રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે. કોરોનાને કહેરને ડામવા માટે મોંઢા પર માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું કડક પાલન થાય તે અત્યંત અનિવાર્ય છે. છેલ્લા ચાર માસથી રાજયમાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે કોરોનાને માત કરવા હજુ પણ અસરકારક રસી કે દવાની શોધ દુનિયાભરમાં ચાલી રહી છે. આવા સંજોગોમાં કોવીડ-૧૯ના સંક્રમણથી બચવા ભીડમાં જવાનું ટાળવા ઉપરાંત મોંઢા પર માસ્ક, સોશ્યલડિસ્ટન્સીંગ તેમજ સતત હાથ ધોવા માટે પણ સરકાર તરફથી સુચના મળતી રહે છે. કોરોના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા છે આમછતા આમ નાગરીકોમાં કોરોનાના સંક્રમણથી બચવા હજુ જોઈએ તેવી જાગૃતતાનો અભાવ વર્તાય છે.

નાગરીકો કોરોનાથી મુકત રહી શકે તે માટે માસ્ક ન પહેરનાર કોઈપણ રાહદારી પાસેથી પોલીસ તંત્ર દ્વારા પણ આકરો દંડ વસુલવામાં આવે છે. ગાંધીનગર માં શિક્ષિત નાગરીકોનો વસવાટ છે છતા માસ્ક વગરના ચહેરા હજુ પણ માર્ગો પર જોવા મળે છે. જે કોરોનાના સંક્રમણને લઈ ચિંતાજનક બાબત છે.

## ઓનલાઈન એક પાત્રિય અભિનય સ્પર્ધામાં પ્રથમ



નગરના યુવાન પરમ શુકલએ રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ દ્વારા યોજાયેલ ઓનલાઈન એક પાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. કોરોના વોરિયર્સ વિષયક સ્પર્ધાના વિષયની સમગ્ર કૃતિનું લેખનકાર્ય અને દિગ્દર્શન યુવાનના માતા ડૉ. મમતા બુચ દ્વારા કરવામાં આવ્યું હતું અને માર્ગદર્શન તેમના ગુરૂ કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવ્યું હતું.

## સેકટર-૫ સી તળાવ પાસે ખુલ્લા મેદાનમાં યુવક પર છરી વડે હુમલો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૫ સી તળાવ પાસે ખુલ્લી જગ્યામાં બે યુવકો જોરજોરથી ગાળો બોલી રહ્યા હતા. આ યુવકોને ધીમા અવાજે બોલવાનું કહેતા જમીન તારા બાપની છે કહીને યુવક પર છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલમાં યુવકને મોં પર તેમજ કપાળના ભાગે ૧૫ થી વધુ ટાંકા લેવા પડ્યા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અરવિંદભાઈ નાગજીભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૨૧ પ્લોટ નં.૮૬૬-૨ સે-૫ સી) ગુરુવારના રોજ સાંજના સુમારે તે ખ-૩ સર્કલ પાસે સેકટર-૫ સીના તળાવના ખુલ્લા મેદાનમાં ઉભો હતો. ત્યારે સેકટર-૧૩ માં રહેતા આકાશ ઉર્ફે બંટી ચૌહાણ તેમજ મનીષભાઈ આવ્યા હતા. બંન્ને જોરજોરથી ગાળો બોલી રહ્યા હતા. જેથી ફરીયાદીએ ધીમે બોલવાનું કહેતા આ જમીન તારા બાપની છે કહી મનીષે છરી કાઢીને ફરીયાદી પર હુમલો કર્યો હતો. જેનુ ઉપરાણુ લઈને આકાશે પણ ફરીયાદીને ગડદાપાટુનો માર માર્યો હતો. ફરીયાદીના મિત્ર વચ્ચે પડીને તેને છોડાવ્યો હતો. જેથી બંન્ને યુવાનોએ મોતની ધમકી આપી જતા રહ્યા હતા. ઘાયલ યુવકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયાં ઈજાગ્રસ્ત યુવકે બંન્ને શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર બાબુભાઈ કેશવલાલ, ઉ.વ. ૬૯, મુ. કલોલ
- સ્વ. ઠાકોર ભીખાજી રવજીજી, ઉ.વ. ૯૨, ગામ-ચિલોડા મોટા
- સ્વ. મકવાણા શારદાબેન પ્રહલાદજી, ઉ.વ. ૪૫, વજાપુરા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર પોપટજી મોહનજી, ઉ.વ. ૪૨, બદપુરા, તા. દહેગામ
- સ્વ. નિધિબેન હિતેશકુમાર કહાર, ઉ.વ. ૪૨, સેકટર-૧૩-એ

## ગાંધીનગરથી ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ અરજી મુજબ રાધા બાબુભાઈ ઉર્ફે મેરુભાઈ સલાટ (ઉં.૩૫) સેકટર-૨૮ બગીચાની સામે પ્રેસ છાપરા, ગાંધીનગરથી ગત તા.૧૩-૬-૨૦ ના રોજ બપોરના ૧ કલાકે ઘરેથી સેકટર-૨૮ શોંપીગ જવાનું કહીને ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. હજુ સુધી પરત આવ્યા નથી. ગુમ થનાર ૩૫ વર્ષિય રાધા સલાટ રંગે ઘઉંવર્ણી અને પાતળા બાંધાની પાંચ ફુટ બે ઈંચ ઉંચાઈની છે. તે ગુજરાતી અને હીન્દી ભાષા જાણે છે, તેણીએ જાંબલી કલરનો ડ્રેસ પહેરેલ છે. તેણીએ જમણા હાથે ગુજરાતી ભાષામાં રાધા-મેરુ છંદણાથી કોતરાવેલ છે. આ મહિલા અંગે જો કોઈને પણ માહિતી કે પત્તો મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગાય-કૂતરાં-બિલાડી જેવા પ્રાણીઓના બચાવકાર્યમાં પગાર વાપરી નાંખતી યુવતી

**ગાંધીનગરમાં છેલ્લાં આઠેક વર્ષથી પૂજા સિંઘ નામની યુવતી અબોલ પ્રાણીઓને ખોરાક પુરો પાડવાથી માંડી બિમારી કે અકસ્માતથી ઈજાગ્રસ્ત પ્રાણીઓની સારવાર માટે સેવા કરે છે : કોઈ પણ સંસ્થા સાથે સંકળાયા વગર વ્યકિતગત ધોરણે સેવા કરતી આ યુવતીને મૂંગા પ્રાણીઓ માટે શેલ્ટર હોમ બનાવવું છે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર વનરાજીથી ઘેરાયેલું પ્રકૃતિમય શહેર હોવા સાથે સંવેદનશીલ અને જીવદયાપ્રેમી નાગરિકો ધરાવતું શહેર પણ છે. આ શહેરમાં અનેક યુવાનો અબોલ પ્રાણીઓ જેવા કે ગાય, કૂતરાં, બિલાડી, નીલગાય, વાનર તથા પક્ષીઓ વગરેને ખોરાક પુરો પાડવાથી માંડીને તેમની બિમારી, અકસ્માત કે અન્ય કારણોસર થતી ઈજા વગેરેમાં જરુરી બચાવકાર્ય સાથે સંકળાયેલા છે, જેમાં એક નામ છે પૂજા સિંઘ. આશરે ૨૭ વર્ષની આ યુવતી છેલ્લા આઠેક વર્ષથી કોઈ પણ સંસ્થા સાથે જોડાયા વિના વ્યકિતગત રીતે ગાય કૂતરાં, બિલાડી, નીલગાય, વાનર જેવા પ્રાણીઓને ખોરાક પુરો પાડવાથી માંડીને તેમના રેસ્કયુ કાર્ય કરી રહી છે તે પણ પોતાની 'ગાંઠનું ગોપીચંદન' કરીને. પૂજા સિંઘની ઈચ્છા ગાંધીનગરમાં પ્રાણીઓ માટે શેલ્ટર હોમ બનાવવાની છે.

પૂજા સિંઘના જણાવ્યા મુજબ તેનો પરિવાર મૂળ ભોપાલનો છે પરંતુ તેના પિતાની નોકરી સીઆરપીએફમાં હોવાથી અહીં ગાંધીનગર રહેતા હતા. અહીં ગાંધીનગરમાં જ જન્મેલી અને ઉછરેલી પૂજા સિંઘ આર્મી કેમ્પસની કેન્દ્રિય વિદ્યાલય સ્કૂલમાં ભણી છે અને તે જયારે ધો-૧૧માં હતી ત્યારે સીઆરપીએફ કેમ્પસમાં



તેમના ઘર પાસે એક કૂતરી છ ગલૂડિયાંને જન્મ આપીને ગુજરી ગઈ હતી ત્યારે આ ગલૂડિયાંના ઉછેરની જવાબદારી ઉપાડી ત્યારથી પૂજાને આ જીવ પ્રત્યે લગાવ બંધાઈ ગયો હતો જે દિવસેને દિવસે વધતો ગયો હતો. વળી તેના એક મિત્રના ઘરે પણ બે દેશી કૂતરાં હતા જેની સંભાળ તેઓ ખૂબ રાખતા હતા તેમાંથી તેને પ્રેરણા મળી હતી. આ પછી પૂજાએ સીઆરપીએફ કેમ્પસમાં જેટલાં કૂતરાં હતા તેમનું રસીકરણ અને નસબંધી કરાવવાનું બીડું ઝડપ્યું હતું અને બે વર્ષ સુધી તેણે કેમ્પસના કૂતરાંઓની સેવા કરી હતી.

પોતાના બીકોમના અભ્યાસ દરમિયાન તેણે અપડાઉન દરમિયાન જોયું કે રસ્તા પર ફરતી ગાયો, કૂતરાં વગેરેની હાલત ખૂબ દયનીય છે અને તેમને પૂરતો ખોરાક મળતો નથી. પ્લાસ્ટિક આરોગે છે વગેરે આ નિહાળી તેણે સતત બે વર્ષ સુધી પોતાની પોકેટમની માત્ર આ અબોલ જીવોને ખોરાક પૂરો પાડવા માટે જ વાપરી હતી તેવું તેણે જણાવ્યું છે. આ પછી તેણે એમબીએનો અભ્યાસક્રમ શરૂ કર્યો આ દરમિયાન તેને અકસ્માતથી ઈજાગ્રસ્ત થયેલા પ્રાણીઓ જેવા કે ગાય, કૂતરા, બિલાડી, નીલગાય, વાનર વગેરે પણ ધ્યાનમાં આવવા લાગ્યા પરંતુ તેનું શું કરવું તે ખબર પડતી ના હોવાથી છેવટે તપાસ કરી તેણે શોધી કાઢયું કે સેકટર-૩૦માં સરકારી પશુ દવાખાનું છે તેથી તેવા ઘાયલ પ્રાણીઓની ત્યાં સ્વ ખર્ચે સારવાર કરાવવાનું કાર્ય પણ કરવા લાગી હતી. અભ્યાસ પત્યા બાદ તેને ઘ-૫ સર્કલ નજીક એક ખાનગી કંપનીમાં નોકરી મળી ગઈ અને તે પોતાના પગારમાંથી આ પ્રાણીઓની સેવા વધુ કરવા લાગી હતી.

### તહેવારો દરમિયાન પ્રાણીઓની ઘાયલ થવાની સંખ્યા વધુ

**કૂતરા-બિલાડી જેવા પ્રાણીઓના રેસ્કયુ દરમિયાન અનેકવાર તેમના કરડવાનો પણ ભોગ બનેલી પૂજા સિંઘ કહે છે કે તહેવારો દરમિયાન ટ્રાફિક વધવાથી પ્રાણીઓના ઘાયલ થવાના કોલ બહુ આવે છે. એકવાર નવરાત્રીમાં રિલાયન્સ ચોકડી નજીક ઘાયલ એક ગર્ભવતી નીલગાયનો અકસ્માતમાં પાછળના બે પગ તુટી ગયા હતા ત્યારે તેને અમદાવાદ લઈ જવા માટે કોઈ ટ્રાન્સપોર્ટ મળતું નહોતું છેવટે તેણે પોલીસ અને વનવિભાગને બોલાવી તેમની મદદથી એક લોડિંગ વ્હિકલ ઉભું રખાવી પબ્લિકની મદદથી બચ્ચું મરે નહી તેમ રસ્સીથી બાંધીને વ્હિકલમાં ચડાવી અમદાવાદ સારવાર માટે દાખલ કરાવી હતી. જયારે એકવાર દિવાળીમાં એક કૂતરું ફટાકડો ફુટવાથી પાછળના શરીરે ખૂબ દાઝી ગયું હતું તેને અમદાવાદ લઈ જતા રસ્તામાં મરી જતા ચાંદખેડા મુકિતધામમાં તેની દફનવિધિ કરી હતી.**



છેલ્લા આઠેક વર્ષથી તે આ સેવા કરી રહી છે. જેમાં પ્રાણીઓને ખોરાક પુરો પાડવાથી માંડીને તેમનું રેસ્કયુ કાર્ય તથા સારવાર અપાવવી તેમજ કૂતરાંઓનું નિયમિત રસીકરણ તથા નસબંધી કરાવવી વગેરે સેવા પુરી પાડી રહી છે. આ પછી તો તેને સતત રેસ્ક્યુના કોલ મળે છે અને નોકરી સાથે આ સેવા કાર્ય માટે તે રાત્રે બે વાગે ઉઠીને જતા પણ ખચકાતી નથી. આજે સેકટર-૫માં રહેતી પૂજા સિંઘને જો દિવસ દરમિયાન કોઈ પણ પ્રાણી ઘાયલ અવસ્થામાં મળે તો તેને પોતાના ખર્ચે સારવાર કરાવવા અમદાવાદ લઈ જાય છે અને જો રાત્રે મળે તો તેની ગાંધીનગરમાં જ સારવાર અપાવે છે. એક પ્રાણીને અમદાવાદ લઈ જવાનો ઓછામાં ઓછો ખર્ચ રૂ. ૧૪૦૦ જેટલો આવે છે તેવું જણાવતા તે કહે છે કે જો પ્રાણીને ઈજા વધુ હોય, ઓપરેશન કરાવવું હોય કે તેને દાખલ કરવું પડે તેવી સ્થિતિ હોય તો તે ખર્ચ ખૂબ વધી જાય છે અને આ કાર્યમાં મહિને આશરે ત્રીસેક હજારનો સરેરાશ ખર્ચ પ્રાણીઓની સેવામાં કરી રહી છે. આ માટે તેનો પુરો પગાર વપરાઈ જાય છે અને કયારેક તો મિત્રો પાસેથી ઉછીના પણ લેવા પડે છે. આમ છતાં તે કોઈ પણ અન્ય સંસ્થા સાથે સંકળાયા વગર જ પોતાની સ્વતંત્ર રીતે વ્યકિતગત ધોરણે આ કાર્ય કરે છે. કેમ કે તે કહે છે કે 'આ કાર્ય કરવામાં તેને ખૂબ આનંદ મળે છે, જો કોઈ પ્રાણી દુઃખી હોય તો તે રાત્રે સૂઈ પણ શકતી નથી તેટલો તેને આ પ્રાણી પ્રત્યે લગાવ છે.' કોઈ પણ વ્યકિત ઘાયલ પ્રાણીના રેસ્કયુ માટે કે દાન માટે મો.નં. ૭૯૯૦૨૧૪૮૩૫ પર સંપર્ક કરી શકે છે.